# પૂજ્ય બહેનશ્રીના જન્મોત્સવ પ્રસંગની વિવિધ ભક્તિઓ

[સુવર્ણપુરી સોનગઢમાં વિ.સં. ૨૦૨૧ (ઈ.સ. ૧૯૬૫) થી પૂજ્ય ગુરુદેવશ્રીની અનુમોદનાથી પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો મંગલ જન્મોત્સવ જાહેરમાં ઊજવવાની શરૂઆત થઈ હતી. જે વર્તમાનમાં પણ અવિરતપણે ઉજવાઈ રહ્યો છે. પૂજ્ય બહેનશ્રીની વિવિધ જન્મ-જયંતીના મંગલ પ્રસંગે પંડિત શ્રી હિંમતભાઈએ તેમના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને જન્મોત્સવની મહિમાપૂર્ણ આ ભક્તિગીતોની રચના કરી છે. જે વર્તમાનમાં પણ પૂજ્ય બહેનશ્રીના મંગલ જન્મોત્સવ પ્રસંગે હંમેશા સુવર્ણપુરીમાં તથા અન્ય મંડળોમાં કાયમ ગવાય છે.]

## જન્મવધામણાં

[આ ભક્તિ વિ.સં. ૨૦૨૨ (ઈ.સ. ૧૯૬૬)માં બહેનશ્રીની જન્મ-જયંતી પ્રસંગે પંડિત શ્રી હિંમતભાઈએ બનાવેલ હતી.]

[રાગ :—પુરનો મોરલો હો રાજ]

જન્મવધામણાં હો રાજ! હૈડાં થનગન થનગન નાચે;
જન્મ્યાં કુંવરી ચંદ્રની ધાર, મુખડાં અમીરસ અમીરસ સીંચે.

(સાખી)

કુંવરી પોઢે પારણે, જાણે ઉપશમકંદ;
સીમંધરના સોણલે મંદ હસે મુખચંદ.

હેતે હીંચોળતાં હો રાજ! માતા મધુર મધુર મુખ મલકે;
ખેલે ખેલતાં હો રાજ! ભાવો સરલ સરલ ઉર ઝળકે....જન્મ૦

(સાખી)

બાળાવયથી પ્રૌઢતા, વૈરાગી ગુણવંત;
મેરુ સમ પુરુષાર્થથી દેખ્યો ભવનો અંત.

હૈયુ ભાવભીનું હો રાજ! હરદમ 'ચેતન' 'ચેતન' ધબકે;
નિર્મળ નેનમાં હો રાજ! જ્યોતિ ચમક ચમક અતિ ચમકે....જન્મ૦

(સાખી)

રિદ્ધિસિદ્ધિ-નિધાન છે ગંભીર ચિત્ત ઉદાર;
ભવ્યો પર આ કાળમાં અદ્‌ભુત તુજ ઉપકાર.

ચંપો મ્હોરિયો હો રાજ! જગમાં મઘમઘ મઘમઘ મ્હેકે;
'ચંપા'–પુષ્પની સુવાસ, અમ ઉર મઘમઘ મઘમઘ મ્હેકે....જન્મ૦